પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૫૩ | ૩ મે, ૨૦૧૮, ગુરૂવાર ; વૈશાખ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભારતમાં પ્રદૂષણનું સ્તર ચિંતાજનક

**દુનિયાના સૌથી ૧૫ પ્રદુષિત શહેર પૈકી ૧૪ ભારતના : સ્વચ્છ ભારત મિશન માત્ર કાગળ પર : જીનિવામાં વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ધડાકો : યાદીમાં કાનપુર ટોપ પર અને દિલ્હી છઠ્ઠા સ્થાન પર છે દિલ્હીમાં પ્રદુષણની સ્થિતી ખુબ ચિંતાજનક**



નવી દિલ્હી,તા. ૨

જીનિવા સ્થિત વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૬ના સૌથી પ્રદુષિત શહેરોની યાદી જારી કરી દીધી છે. જેમાં ભારતના ૧૪ શહેરો સામેલ હોવાના હેવાલ મળ્યા છે. આ યાદીમાં કાનપુર ટોપ પર છે. સૌથી પ્રદુષિત શહેરોની યાદીમાં દિલ્હી છઠ્ઠા સ્થાને છે. ડબલ્યુએચઓના ડેટાબેસથી જાણી શકાય છે કે વર્ષ ૨૦૧૦થી ૨૦૧૪ વચ્ચેના ગાળામાં દિલ્હીમાં પ્રદુષણના સ્તરમાં નજીવો સુધારો થયો હતો પરંતુ વર્ષ ૨૦૧૫માં ફરી એકવાર હાલત ખરાબ થઈ હતી. દિલ્હીમાં પીએમ ૨.૫ એનુવલ એવરેજ ૧૪૩ માઈકેરોગ્રામ પ્રતિ ક્યુબિક મીટર છે. જે નેશનલ સેફ સ્ટાન્ડર્ડથી ત્રણ ગણુ વધારે છે. જ્યારે પીએમ ૧૦ એવરેજ ૨૯૨ માઈક્રોગ્રામ પ્રતિ ક્યુબિક મીટર છે. જે નેશનલ સ્ટાન્ડર્ડથી ૪.૫ ગણો વધારે છે. સામાન્ય રીતે સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલે હાલમાં દાવો કર્યો હતો કે વર્ષ ૨૦૧૬ની તુલનામાં વર્ષ ૨૦૧૭માં વાયુ પ્રદુષણના સ્તરમાં સુધાર થયો છે. પરંતુ બોર્ડ દ્વારા હજૂ સુધી ૨૦૧૭ માટે હવામાં વર્તમાન પીએમ ૨.૫નો આંકડો જારી કર્યો છે. વર્ષ ૨૦૧૬ના અંતમાં વાયુ પ્રદુષણનો અંત લાવવા માટે કેટલાક પગલા લેવામાં આવ્યા હતા. ઓક્ટોબરમાં ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન,

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**નવી ટેલીકોમ પોલિસીમાં ૪૦ લાખ રોજગારનુ લક્ષ્ય**

સરકારે નવી ટેલીકોમ પોલિસીનો ડ્રાફ્ટ તૈયાર કરી દીધો છે તે અનુસાર ૨૦૨૨ સુધી ટેલીકોમ સેક્ટરમાં ૪૦ લાખ નોકરીઓ આપવાનુ લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

**ભારતનો વૃદ્ધિ દર ૭.૩ ટકા રહેવાનો અંદાજ**

ચાલુ વર્ષે ભારતના જીડીપીમાં વધારો થઈ તે ૭.૩ ટકા પહોંચવાનો અંદાજ છે. ફિચ સમૂહના એક રીપોર્ટમાં કહેવાયુ છે કે નિર્માણ અને સેવા ક્ષેત્રોમાં વધારો થતાં વૃદ્ધિ દરમાં સુધારો થશે.

**મલેશિયાના બે બેડમિન્ટન ખેલાડીઓ પર પ્રતિબંધ**

વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશને મેચ ફિક્સીંગ મામલામાં દોષી જણાયેલા મલેશિયાના બે ખેલાડીઓ પર પ્રતિબંધ મુકી દીધો છે. મલેશિયાના તાનસુંગ અને જુલ્ફીકલી પર ૨૦ વર્ષના પ્રતિબંધ સાથે દંડ પણ ફટકારાયો છે.

**છત્તીસગઢમાં નક્સલી હૂમલો**

છત્તીસગઢના નક્સલ પ્રભાવિત ગરિયાબંધ જિલ્લામાં નક્સલીઓએ પોલીસદળ પર હૂમલો કર્યો હતો. જેમાં બે પોલીસ જવાનો શહીદ થઈ ગયા છે.

**જસ્ટીસ જોસેફ મામલે કોઈ નિર્ણય નહી**

જસ્ટીસ કે.એમ. જોસેફની સુપ્રિમ કોર્ટમાં નિયુક્ત મામલે કોલેજિયમ કોઈ નિર્ણય લઈ શકી નથી. આગામી સપ્તાહે ફરી કોલેજિયમ મિટીંગ થઈ શકે છે.

## કાશ્મીરના સોપિયનમાં સ્કુલી બસ પર પથ્થરમારો

**પથ્થરમારામાં માસૂમ બાળકો ઘાયલ બંધ-પ્રદર્શન વચ્ચે પથ્થરબાજો સક્રિય**



શ્રીનગર, તા. ૨

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળોના ઓપરેશન ઓલઆઉટમાં હિઝબુલના ત્રાસવાદી સમીર ટાઈગરને મોતને ઘાટ ઉતારી દીધા બાદ કાશ્મીર ખીણમાં વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. બંધ અને પ્રદર્શનો વચ્ચે પથ્થરબાજો પણ સક્રિય થયેલા છે. સોપિયાના કનીપોરા વિસ્તારમાં પથ્થરબાજોએ એક શરમજનક ઘટનાને અંજામ આપીને સ્કૂલ બસ ઉપર પથ્થરમારો કર્યો હતો જેમાં એક બાળક ઘાયલ થઈ ગયો છે. આ બસમાં ચારથી પાંચ વર્ષની વયના બાળકો મુસાફરી કરી હત્યા હતા. પથ્થરબાજોની ગેંગે આ હુમલો કર્યા બાદ તેમની વ્યાપક ટિકા થઈ રહી છે. મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ આની ટિકા કરી છે. પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ આની ઝાટકણી કાઢી છે. બીજીબાજુ સોપિયાના પીડીપી ધારાસભ્ય મોહમ્મદ યુસુફના

● અનુસંધાન પાન-૭ પર

# નવા એમ્સ સહિત અનેક યોજનાને લીલીઝંડી

**પ્રધાનમંત્રી આરોગ્ય સુરક્ષા યોજનાની અવધિને વધારી દેવાઈ : નવા એમ્સના નિર્માણ, સરકારી મેડિકલ કોલેજોને અપગ્રેડ કરાશે : કારોબારી વિવાદનો ઉકેલ લાવવા કાયદામાં સુધારો : હવે ૪ એરપોર્ટને અપગ્રેડ કરાશે**

નવીદિલ્હી,તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં કેટલાક મોટા નિર્ણયો પર મંજુરીની મહોર આજે મારવામાં આવી હતી. મિટિંગમાં વડાપ્રધાન આરોગ્ય સુરક્ષા યોજનાની અવધિ ૧૨મી પંચવર્ષીય યોજનાથી વધારીને વર્ષ ૨૦૧૯-૨૦ સુધી કરી દીધી હતી. આ યોજના હેઠળ નવા એમ્સના નિર્માણ અને સરકારી મેડિકલ કોલેજોના અપગ્રેડેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. નવા એમ્સ સહિત કેટલીક યોજનાઓને કેબિનેટે મંજુરી આપી હતી. આ યોજના માટે ૧૪૮૩૨ કરોડ રૂપિયાની નાણાંકીય ફાળવણી કરવામાં આવનાર છે. મંત્રીમંડળે આ ઉપરાંત કેટલીક અન્ય યોજનાઓને પણ મંજુરી આપી હતી. નવા એમ્સની સ્થાપનાથી આરોગ્ય શિક્ષણમાં ધરખમ ફેરફાર લાવી શકાશે. સાથે સાથે આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલોની કમીની તકલીફને દૂર કરી શકાશે. કેબિનેટે કેટલાક રાજ્યોમાં એમ્સ બનાવવાની દરખાસ્તને મંજુરી આપી હતી. નવા એમ્સના નિર્માણની સાથે સાથે આના સંચાલન અને જાળવણીનો ખર્ચ સંપૂર્ણપણે કેન્દ્ર સરકાર દ્વારા ઉઠાવવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્ય વચ્ચે હિસ્સેદારીના આધાર પર હોસ્પિટલોને આધુનિક બ્લોક

● અનુસંધાન પાન-૭ પર

આપને આંગણે આવ્યો અવસર ખાસ
ઉજવણીમાં ભરીશું
અમે પ્રેમની મીઠાશ
હરેક પ્રસંગની યાદગાર ઉજવણી માટે
ભવ્ય બેન્કવેટ હોલ અને પાર્ટી પ્લોટ આપની નજીક

રાધે બેન્કવેટ હોલ
• ૭૦ થી ૮૦ વ્યક્તિની ક્ષમતા
• આધુનિક સુવિધાથી સજ્જ
• આકર્ષક એમ્બિયન્સ
• કેટરિંગ સુવિધા ઉપલબ્ધ

કેશવમ પાર્ટી પ્લોટ
• ૨૦૦ થી ૨૫૦૦ વ્યક્તિની ક્ષમતા
• આકર્ષક એન્ટ્રી અને આધુનિક સુવિધાવાળુ સ્ટેજ
• વિશાળ રમણીય ગાર્ડન
• આઉટસાઇડ કેટરિંગ આવકાર્ય

મહેંદી | સંગીત | રિંગ સેરેમની | લગ્ન | રિસેપ્શન | બર્થ ડે
બેબી શાવર | એનિવર્સરી | ગેટ-ટુ-ગેધર | કોર્પોરેટ ઇવેન્ટ

રાધે બેન્કવેટ હોલઃ ૨૦૫, ડીસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર, સેક્ટર ૨૧, ગાંધીનગર
સંપર્કઃ ૭૬૯૮૦ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૦
કેશવમ પાર્ટી પ્લોટઃ પેથાપુર-મહુડી રોડ, પેથાપુર
સંપર્કઃ ૯૮૨૫૪ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૫
www.purplephase.in
રાધે Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com

# જેડે હત્યા કેસમાં છોટા રાજન સહિત નવને આજીવન કેદ

**સનસનાટીપૂર્ણ કેસમાં સ્પેશિયલ મકોકા કોર્ટે ચુકાદો જાહેર કર્યો : દિપક સિસોદિયા સિવાય તમામ આરોપીઓને ૨૬-૨૬ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો**

મુંબઈ,તા. ૨

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈના પવઈ વિસ્તારમાં પત્રકાર જ્યોતિર્મય ડેની ઘાતકી હત્યાના આશરે સાત વર્ષ બાદ સીબીઆઈની ખાસ અદાલતે આજે આ સનસનાટીપૂર્ણ કેસમાં પોતાનો ચુકાદો જાહેર કરી દીધો હતો. કોર્ટે અંડરવર્લ્ડ ડોન છોટા રાજનને દોષિત જાહેર કર્યો હતો અને પત્રકાર જિગ્ના વૌરાને નિર્દોષ જાહેર કરવામાં આવી હતી. મુંબઈની મકોકા કોર્ટે અંગ્રેજી અખબાર મિડ ડેના ક્રાઈમ રિપોર્ટર જ્યોતિર્મય ડેની હત્યા કેસમાં છોટા રાજનને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. કોર્ટે છોટા રાજન સહિત અન્ય નવ આરોપીઓને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. કોર્ટે જિગ્ના વોરા અને કોલસન જોસેફને નિર્દોષ છોડ્યા હતા. દિપક સિસોદિયા સહિત તમામ આરોપીઓને ૨૬-૨૬ લાખ રૂપિયાનો દંડ પણ કરવામાં આવ્યો છે. હત્યા અને કાવતરાના મામલામાં તેને દોષિત જાહેર કરાયો હતો. દિલ્હીથી વિડિયો કોન્ફરન્સિંગ મારફતે તે કોર્ટમાં ઉપસ્થિત રહ્યો હતો. પ્રોસીક્યુટર પ્રદિપ દ્વારા અપરાધીઓ માટે મૃત્યુદંડની સજાની માંગ કરવામાં આવી ન હતી.

# વિવાદો બાદ એએમયુથી ઝીણાના ફોટાને હટાવાયો

અલીગઢ, તા. ૨

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના હોસ્ટેલમાં લાગેલા પાકિસ્તાનના સ્થાપક મોહમ્મદ અલી ઝીણાના ફોટાને લઈને છેડાયેલા વિવાદ વચ્ચે નવો વળાંક આવ્યો છે. ઝીણાનો ફોટો અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી હવે ગાયબ થઈ ગયો છે. આ બનાવ બન્યા બાદ એવા પ્રયાસ થઈ રહ્યા છે કે, આખરે મોહમ્મદ અલી ઝીણાનો ફોટો ક્યાં જતો રહ્યો છે. અલબત્ત આ મામલામાં કેએમયુ વહીવટીતંત્રના લોકોનું કહેવું છે કે, આ ફોટો દૂર કરવામાં આવ્યો નથી. સંકુલમાં સાફ સફાઈ ચાલી રહ છે. ફોટાઓને પણ સાફ કરવામાં આવી રહ્યા છે. પૂર્વ ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારીના કાર્યક્રમ પહેલા ફોટો પાછો લાગી જશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા એએમયુ વહીવટીતંત્ર તરફથી જણાવવામાં આવ્યું છે કે, ફોટાઓ ઉપર ધૂળ જામી ગઈ હતી. સાફ સફાઈ કરવામાં આવી રહી છે.

**જોઈએ છે**
વોક ઈન ઈન્ટરવ્યુ
I.T.I./ધો.૧૨ પાસ
ઉમેદવારો (૨૦)
તાત્કાલિક જોઈએ છે.
બી-૨૨૫/૨૨૬, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, જીઆઈડીસી, સેક્ટર-૨૫, ગાંધીનગર
ફોન (૦૭૯) ૨૯૭૫૦૩૮૮

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેક્શીકન લોન એરીયા
સિદ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા
ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalayfarm&partyplot.com | shivalayfarm&partyplot@gmail.com
શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ
૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઈન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અદ્યતન કિચન વ્યવસ્થા
બુકિંગ ચાલુ છે
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુધ્ધસિંહ 98981 85149
ક-૭, રાંધેજા રોડ, મનાવા પેટ્રોલિયમની બાજુમાં, ગાંધીનગર

